# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. 07-10-2022**

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષપદના ઉમેદવાર શ્રી મલ્લીકાર્જુન ખડગેજીએ જણાવ્યું હતું કે, આજે હું બાપુ અને સરદાર પટેલ સાહેબની ધરતી પર ઉભો રહીને તમારા બધા સાથે વાત કરવા માટે ખૂબ જ ભાગ્યશાળી અને ગર્વ અનુભવુ છું. આ બે મહાપુરુષોએ કોંગ્રેસ પક્ષને તેમનું નેતૃત્વ સોંપ્યું તેનાથી મોટું સૌભાગ્ય શું હોય. આ મહાપુરુષોની ધરતીની માટી મારા માથા પર લગાવીને હું મારી વાત શરૂ કરું છું.

સાથીઓ, કોંગ્રેસ પક્ષે તેના નવા અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ઑક્ટોબર 17 ના રોજ, દેશભરમાંથી 9,300 પ્રદેશ પ્રતિનિધિઓને તે નક્કી કરવાની તક મળશે કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના આગામી અધ્યક્ષ તરીકે કોણ આપણું નેતૃત્વ કરશે. હું આ ચૂંટણીમાં ઉમેદવાર છું, અને ગુજરાતમાંથી મારા સાથીદારોના મત અને સમર્થન માટે અહીં આવ્યો છું.

કોંગ્રેસ પક્ષ દેશનો એકમાત્ર રાજકીય પક્ષ છે, જ્યાં રાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણી પક્ષના કાર્યકરો દ્વારા લોકતાંત્રિક પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. આપણા 9,300 પરદેશ પ્રતિનિધિઓ પક્ષના આગામી અધ્યક્ષ કોણ બનવા જોઈએ અને તેમની લાયકાત શું છે તે અંગે શ્રેષ્ઠ નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે.

હું કોંગ્રેસ પક્ષ સાથે પાંચ દાયકાથી વધુ સમયથી કામ કરી રહ્યો છું. જાહેર સેવામાં મારી કારકિર્દી વિદ્યાર્થી નેતા તરીકે શરૂ થઈ હતી. 1969માં ગુલબર્ગા સિટી કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા તે પહેલાં મેં શ્રમિક નેતા તરીકે કામ કર્યું હતું. 1972 અને 2009 ની વચ્ચે, હું સતત નવ ટર્મ માટે કર્ણાટક વિધાનસભામાં ચૂંટાયો, જ્યાં મેં વિવિધ વિભાગોમાં મંત્રી, વિરોધ પક્ષના નેતા અને કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ તરીકે સેવા આપી. ૨૦૦૯ માં, હું લોકસભામાં ચૂંટાયો હતો અને યુપીએ-2 સરકારમાં શ્રમ અને રેલ્વે, સામાજિક ન્યાય અને સશક્તિકરણ માટેના કેન્દ્રીય મંત્રી તરીકે સેવા આપી હતી.

2014 થી 2019 સુધી સોળમી લોકસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે, મેં વિપક્ષ તરફથી મોદી સરકારનો સામનો કર્યો. 2021થી રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે હું સરકારને પડકાર ફેંકી રહ્યો છું અને તેમની નિષ્ફળતાઓને ઉજાગર કરી રહ્યો છું. ઉદયપુર મેનિફેસ્ટોમાં જણાવેલ, "એક વ્યક્તિ, એક પદ" માટે પક્ષની પ્રતિબદ્ધતાને અનુસરીને, કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીને રાજ્યસભામાં વિપક્ષના નેતાના પદ પરથી પોતાનું રાજીનામું સોંપ્યું છે.

કર્ણાટકના પછાત પ્રદેશમાં આવેલા, એક નાનકડા ગામમાંથી મારા જેવા સામાન્ય માણસના પુત્રને એક દિવસ આ ઐતિહાસિક પક્ષના પ્રમુખના ઉમેદવાર બનવાની તક આપનારા કોંગ્રેસ પક્ષ જેવો અન્ય કોઈ રાજકીય પક્ષ નથી. તેના બદલે, મારું યોગદાન આપીને, મેં આ ક્ષેત્રના સર્વસમાવેશક વિકાસ માટે બંધારણમાં કલમ 371Jનો સમાવેશ કરાવ્યો.

હું પોતાને પ્રમોટ કરવામાં માનતો નથી. હું ન તો તેવો છું અને ન તો તેવો બનવા માંગુ છું. મારા તમામ કાયદાકીય રેકોર્ડ, વહીવટી સિદ્ધિઓ અને તમામ અડગ પ્રતિબદ્ધતાઓ કોંગ્રેસ પક્ષ અને તેના વારસા માટે છે. પચાસ વર્ષમાં મને મારી સંસ્થા અને સરકારમાં વિવિધ સ્તરે યોગદાન આપવાની તક મળી છે. આ અનુભવોએ મને પક્ષની

ઊંડી સમજ આપી. મને ખબર છે કે આપણા કાર્યકરોનો ઉત્સાહ ક્યારે વધે છે. તેઓ જે પડકારોનો સામનો કરે છે તે હું જાણું છું. હું તેમની ચિંતાઓને સમજું છું અને હું મારા પક્ષને મજબૂત કરવા તેમની સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છું.

દરેક રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસને લોકોની પસંદગી બનાવવા માટે આપણે એકજૂથ થઈને આપણા પ્રયાસોને વેગ આપવાનો આ સમય છે. એટલા માટે હું મારી પૂર્ણ શક્તિથી પક્ષની સેવા કરવા માંગુ છું. તમારા સહકારથી પ્રમુખ બન્યા પછી આપણા પક્ષની પ્રાથમિકતાઓ 'હું' એકલો નહીં, 'આપણે' બધા સાથે બેસીને નક્કી કરીશું. પરંતુ, હું નીચેની કેટલીક મહત્વની બાબતો પર ઝડપી પગલાં લેવાના પક્ષમાં છું.

૧. "50 હેઠળ 50" ફોર્મ્યુલા સાથે ઉદયપુર મેનિફેસ્ટોનો અમલ મારી પ્રાથમિકતા રહેશે.

૨. હું દરેક સ્તરે પક્ષનું માળખું મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ, અને તમામ બાકી નિમણૂકો તાત્કાલિક પૂર્ણ કરવામાં આવશે.

3. જે રાજ્યોમાં ચૂંટણી ચાલી રહી છે ત્યાં પક્ષના સંગઠન સાથે મળીને કામ કરવાની મારી ટોચની પ્રાથમિકતા રહેશે.

જો આપણે સાથે મળીને કામ કરીશું, તો આપણે જીતીશું!

ગુજરાત રાજ્યની રચના 1960માં થઇ હતી. ત્યારથી લઈને અત્યાર સુધી લગભગ અડધો સમય કોંગ્રેસ અને અડધો સમય ભાજપની સરકાર રહી છે. પરંતુ આજે જ્યારે પણ ગુજરાતની જનતા કોંગ્રેસની સરકારોને યાદ કરે છે ત્યારે તેમને શાળાઓ, કોલેજો, યુવાનો માટે રોજગારીની તકો, સસ્તું પેટ્રોલ, સસ્તું ડીઝલ, સસ્તો રાંધણગેસ, સારી સિંચાઇ યોજનાઓ, ખેડૂતોને તેમના પાકનો યોગ્ય ભાવ અને સ્થાનિક રોજગાર માટે બનાવવામાં આવેલ જીઆઇડીસી યાદ આવે છે, જ્યારે બીજી તરફ ભાજપની સરકારોએ ગાંધી અને પટેલની ભૂમિને દેશની "ડ્રગ કેપિટલ" બનાવી દીધી છે. આજે ગુજરાતમાં યુવાનો માટે નોકરીની કોઇ તકો નથી,ભરતીઓ આવતી નથી, જો ભરતી આવે તો પરીક્ષાઓ આવતી નથી, અથવા પેપર લીક થઈ જાય છે, અથવા પરીક્ષા પછી પરિણામ આવતું નથી , અથવા પરિણામ બહાર આવે છે, પછી નિમણૂક પત્ર પ્રાપ્ત થતા નથી. કહેવાતી ડબલ એન્જીનની ધુમાડો છોડતી સરકારથી પરેશાન થઈને આજે આદિવાસી વર્ગ સત્યાગ્રહ કરી રહ્યો છે, દલિતો પરના અત્યાચારો વધી રહ્યા છે અને સમાજના નબળા વર્ગને વધુ નબળા બનાવવાનું કામ થઈ રહ્યું છે. ગુજરાતની ભાજપ સરકારોએ નફરત ફેલાવો અને રાજ કરોની નીતિ અપનાવીને ગુજરાતની જનતા સાથે છેતરપિંડી કરી છે. રાજ્યમાં ફેલાયેલી આ નફરતને નાબૂદ કરવા માટે, યોગ્ય રોજગારીની તકો પૂરી પાડવા, મધ્યમ અને ઓછી આવક ધરાવતા પરિવારોને મોંઘવારીમાંથી મુક્તિ અપાવવા માટે રાહુલ ગાંધીજી 3570 કિલોમીટરની ભારત જોડો યાત્રા પર નીકળ્યા છે. આ યાત્રાને ભારે જનસમર્થન મળી રહ્યું છે. હવે ડબલ એન્જિનની ધુમાડાયુક્ત, બેરોજગારીપ્રેમી સરકારનો જવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસ આગામી ચૂંટણીમાં અભૂતપૂર્વ દેખાવ કરીને ગુજરાતને દેશનું ઉત્પાદન (મેન્યુફેક્ચરીંગ) કેપિટલ બનાવવા કામ કરશે, જેની સામાન્ય લોકોના જીવનમાં સકારાત્મક અસર પડશે.

આ ચૂંટણી 'મારા' વિશે નથી, 'આપણા' વિશે છે. ટીમ વર્ક જ આપણાં પક્ષને આગળ લઈ જઈ શકે છે. મારી સમગ્ર રાજકીય કારકિર્દી દરમિયાન, મેં 'સલાહાત્મક નેતૃત્વ' પ્રત્યે મારી પ્રતિબદ્ધતા દર્શાવી છે. હું આશા રાખું છું કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ પદના ઉમેદવાર તરીકે, ગુજરાતના તમામ પ્રદેશ પ્રતિનિધિઓ તેમના આશીર્વાદ આપશે અને પક્ષ અને દેશની સેવા કરવાની ઐતિહાસિક તક આપશે.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
મો. 9723550355